યુનિવર્સિટી અને સંલગ્ન કોલેજમાં સ્નાતક કક્ષાના વિવિધ ડિગ્રી કોર્સ અને અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રિયા નિયત સમયપત્રક પ્રમાણે કરવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

પરિપત્ર ક્રમાંક : પરચ-૨૦૨૪-૧૦૩-ખ૧

તા : ૧૬-૦૩-૨૦૨૪

વંચાણે લીધા:

૧. શિક્ષણ વિભાગનો તા. ૧૫-૦૯-૨૦૨૩નો ઠરાવ ક્રમાંક:ED/KBG/e-file/3/2023/0514/KH-1

૨. શિક્ષણ વિભાગનો તા.૧૫-૦૩-૨૦૨૩નો પરિપત્ર ક્રમાંક : પરચ-૨૦૨૪-૧૦૩-ખ૧

પરિપત્ર:

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમ (૧) સામેના ઠરાવથી સામર્થ્ય સંસ્થાન પ્રકલ્પ અંતર્ગત ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરીના તાબા હેઠળની ૧૪-સરકારી યુનિવર્સિટી સંલગ્ન શૈક્ષણિક સંસ્થા/કોલેજમાં વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, એજ્યુકેશન, કાયદા તથા અન્ય વિદ્યાશાખામાં સ્નાતક, અનુસ્નાતક અને પીએચ.ડી. કક્ષાના અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટે ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ પોર્ટલ - જીકેસ (GCAS)ની રચના કરવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમ (૨) સામેના પરિપત્રથી આ પોર્ટલ પર કરવાની થતી કામગીરીના તબક્કા મુજબ એડમિશન પ્રક્રિયા અન્વયે જરૂરી સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે. જેના અનુસંધાને ગુજરાત રાજ્યની તમામ ૧૪-સરકારી યુનિવર્સિટીઓને સ્નાતક કોર્સીસમાં પ્રવેશ માટે રજીસ્ટ્રેશન પ્રક્રિયાનું ટેકનિકલ અને એડમિનિસ્ટ્રેટિવ ઇન્ટીગ્રેશન ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ (GCAS) પોર્ટલ સાથે કરવાની જરૂરિયાત જણાય છે. યુનિવર્સિટી અને સંલગ્ન કોલેજમાં વિવિધ ડિગ્રી કોર્સ અને અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રિયા યુનિવર્સિટી દ્વારા નીચે મુજબના સમયપત્રક પ્રમાણે કરવાની રહેશે.

સમયપત્રક

| ક્રમ | કામગીરી | સમયગાળો |
|---|---|---|
| ૧ | તમામ પ્રવેશવાંચ્છુ વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે જીકેસ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવી બેઝીક માહિતી (profile) સાથે પોતાને જે તે કોલેજ માં પસંદગીનાં કોર્સમાં | ગુજરાત બોર્ડ (GSHSEB) ધોરણ ૧૨ની પરીક્ષા પૂર્ણ થયા બાદ ૧-૪-૨૦૨૪ થી શરૂ |

ક્રમશઃ

Scanned with OKEN Scanner

Scanned by CamScanner

| | | |
|---|---|---|
| | અભ્યાસ કરવો હોય તે પસંદગી (Choice) આપી ઓનલાઈન અરજી કરવાની રહેશે. | |
| ૨ | તમામ પાસ થયેલા પ્રવેશવાંછુ વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે જીકેસ પોર્ટલ પર શૈક્ષણીક માહિતી (Academic) ભરી ઓનલાઈન ફી (Payment) ભરવાની રહેશે. તેમજ અરજી ફાઈનલ સબમીટ કરવાની રહેશે. | ગુજરાત બોર્ડ (GSHSEB) ધોરણ ૧૨નું પરિણામ જાહેર થયાના બે અઠવાડિયામાં પૂર્ણ કરવું. |
| ૩ | પોર્ટલ ઉપર મુકેલ હેલ્પસેન્ટરની યાદી મુજબ લાગુ પડતા વિદ્યાર્થીઓએ નજીકની કોલેજ ખાતેના હેલ્પ સેન્ટરમાં જઈને પોતાના ઓરિજીનલ તમામ ડોક્યુમેન્ટસનું વેરીફીકેશન કરાવવાનું રહેશે. | ઉપરોક્ત ક્રમાંક-૨ માં દર્શાવેલ સમયગાળા સહિત ગુજરાત બોર્ડ (GSHSEB) ધોરણ ૧૨નું પરિણામ જાહેર થયાના ત્રણ અઠવાડિયા સુધીમાં પૂર્ણ કરવું. |
| ૪ | ડોક્યુમેન્ટસ વેરીફીકેશન થયા બાદ જે કોઈ યુનિવર્સિટીઓએ રજીસ્ટર્ડ વિદ્યાર્થીઓને યુ. જી. કોર્સીસમાં એન્ટ્રન્સ ટેસ્ટ (પ્રવેશ પરીક્ષા) લઈને પ્રવેશ આપવાનો હોય તેવી યુનિવર્સિટીઓએ એક અઠવાડિયામાં એન્ટ્રન્સ ટેસ્ટ તથા પ્રોવિઝનલ મેરીટ લિસ્ટ બનાવવાની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.<br>અન્ય તમામ યુનિવર્સિટીઓએ આ સમયગાળામાં પ્રોવિઝનલ મેરીટ લિસ્ટ બનાવવાનું રહેશે. | ઉપરોક્ત ક્રમાંક (૨) અને (૩)માં દર્શાવેલ સમયગાળામાં પૂર્ણ કરવું |
| ૫ | ગુજરાત બોર્ડ (GSHSEB) ધોરણ ૧૨નું પરિણામ જાહેર થયાના ત્રણ અઠવાડિયામાં તમામ યુનિવર્સિટીઓએ પ્રોવિઝનલ મેરીટ લિસ્ટ એક સાથે જાહેર કરવાનું રહેશે. | ઉપરોક્ત ક્રમાંક (૨), (૩) અને (૪) માં દર્શાવેલ સમયગાળા સહિત ગુજરાત બોર્ડ (GSHSEB) ધોરણ ૧૨નું પરિણામ જાહેર થયાના ત્રણ અઠવાડિયામાં |
| ૬ | વિદ્યાર્થીઓને પ્રોવિઝનલ મેરીટ લિસ્ટ બાબતે જો કોઈ ગ્રીવન્સ હોય તો તે અંગે પ્રોવિઝનલ મેરીટ લિસ્ટ જાહેર થયા બાદ દિન-૨માં જે તે યુનિવર્સિટી/કોલેજના ગ્રીવન્સ સેલમાં જઇ રજૂઆત કરવાની રહેશે. | દિન-(૨)માં |
| ૭ | ઉપર ક્રમાંક-૬ માં ફાળવેલ ગ્રીવન્સના દિન-૨ બાદ યુનિવર્સિટી/કોલેજ દ્વારા ફાઇનલ મેરિટ લીસ્ટ અને અલોટમેન્ટ જાહેર કરવાનું રહેશે. | દિન-(૨)માં |
| ૮ | વિદ્યાર્થીઓને જે કોલેજ કે યુનિવર્સિટી માં પ્રવેશ મળેલ છે તેમની સૂચના મુજબ ફી ભરવાની રહેશે | દિન-(૨)માં |

Scanned with OKEN Scanner

Scanned by CamScanner

| | |
|---|---|
| ૯ | ઉપરોક્ત ક્રમ-૧ થી ક્રમ-૮ માં દર્શાવેલ સમયગાળા બાદ જો યુનિવર્સિટીઓને જરૂરીયાત હોય તો પ્રવેશ પ્રક્રિયાના દ્વિતીય અને તૃતીય રાઉન્ડ બન્ને રાઉન્ડ મળીને વધુમાં વધુ દિન-૧૦ ની સમય મર્યાદામાં આ કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે |
| ૧૦ | ગુજરાત બોર્ડ (GSHSEB) ધોરણ-૧૨નું પુરક પરીક્ષાનું પરિણામ આવી ગયા પછી GCAS પોર્ટલ ફરી દિન-(૫) માટે ઓપન થશે આ સમયગાળા દરમ્યાન પુરક પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ તેમજ જે વિદ્યાર્થીઓનું અગાઉની પ્રવેશ પ્રક્રીયામાં અરજી કરવાની બાકી રહી ગઈ હોય તેવા વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. અને આવા તમામ વિદ્યાર્થીઓના પ્રવેશની પ્રક્રિયા યુનિવર્સિટીએ દિન-(૫) મા પૂર્ણ કરવાની રહેશે. |

(ઉપરોક્ત ક્રમ (૧) થી (૧૦) મા દર્શાવેલ સમયગાળામાં જાહેર રજાનો સમાવેશ કરેલ છે )

ઉક્ત સમયપત્રક મુજબ સદર પોર્ટલ પર વિદ્યાર્થીની અરજીના રજીસ્ટ્રેશન બાદ તે અંગેની સંપૂર્ણ માહિતી સંલગ્ન યુનિવર્સિટીઓને લોગ ઇન આઈ ડી. માં ઉપલબ્ધ કરાવવામાં આવશે. યુનિવર્સિટીઓએ પોતાના વિવિધ ડિગ્રી અભ્યાસક્રમોની પ્રવેશ પ્રક્રિયા માટે સંપૂર્ણ સ્વાયત્તતાપૂર્વક, સરકારશ્રીના પ્રવર્તમાન નિયમાનુસાર મેરીટ લીસ્ટ તૈયાર કરી પુરક પરીક્ષા સિવાયના તમામ વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા મહત્તમ ત્રણ રાઉન્ડમાં પૂર્ણ કરવાની રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનોજ વાઘ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં.૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- અંગત મદદનીશશ્રી, અગ્ર સચિવશ્રી(ઉ અને ટે શિ) શિક્ષણ વિભાગ,બ્લોક નં-૫/૮, સચિવાલય, ગાંધીનગર
- એડવાઇઝરશ્રી, કે.સી.જી., પ્રત્યુષમ, એલ. ડી.એન્જનેરી કોલેજ કેમ્પસ, પી.આર.એલ.ની સામે, નવરંગપુરા, અમદાવાદ
- રજિસ્ટ્રારશ્રી, તમામ યુનિવર્સિટી (કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી મારફત)
- સેક્શન અધિકારીશ્રી, (ખ અને ખ-૨ શાખા), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખા સિલેક્ટ ફાઇલ

ક્રમાંક: માવિ.પ&ઙ /પરીપત્ર/૨૦૨૪/ ૨૩૬૨૬
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા, પાલનપુર
તા.૬૬/૪/૨૦૨૪

નકલ રવાના જાણ તથા અમલવારી કરવા સારૂં.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ ઉ.મા. શાળાઓ તમામ,
જિ. બનાસકાંઠા

Scanned by CamScanner

# ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ (જીકેસ) પોર્ટલ

- ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ પોર્ટલ (GCAS - જીકેસ) એ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ હેઠળ આવતી ૧૪ સરકારી યુનિવર્સિટીઓ તથા તેને સંલગ્ન સંસ્થા/કોલેજોમાં વિવિધ વિદ્યાશાખાઓમાં સ્નાતક, અનુસ્નાતક અને પીએચ.ડી. કક્ષાના કોર્સીસની પ્રવેશની પ્રક્રિયાને સુવ્યવસ્થિત અને સરળ કરવા માટે શરૂ કરવામાં આવેલું એક દુરંદેશીપૂર્ણ પોર્ટલ છે.
- આ એક જ પોર્ટલથી વિદ્યાર્થીઓ વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, શિક્ષણ, કાયદા, રૂરલ સ્ટડીઝ, શારીરિક શિક્ષણ, બી.એડ., તથા પી.એચ.ડી. જેવી વિદ્યાશાખાઓમાં પ્રવેશ માટે રજીસ્ટ્રેશન માત્ર જીકેસ પોર્ટલ ઉપર જ કરવાનું રહેશે.
- જીકેસ પોર્ટલ અંગ્રેજી અને ગુજરાતી એમ બંને ભાષાઓમાં ઉપલબ્ધ છે.
- વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.
- વિદ્યાર્થીએ પોતાની પ્રાથમિક માહિતી ભરીને મોબાઈલ નંબર અને ઈમેલ એડ્રેસ રજીસ્ટર કરાવવાના રહેશે. યુઝરનેમ અને પાસવર્ડ વિદ્યાર્થીના રજીસ્ટર્ડ ઈમેલ આઇડી પર અને રજીસ્ટર્ડ કોન્ટેક્ટ નંબર પર મોકલવામાં આવશે.
- રજીસ્ટ્રેશન ૧ એપ્રિલ ૨૦૨૪ થી શરુ થશે અને રિઝલ્ટ આવ્યા બાદ વિદ્યાર્થી રેજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરી શકશે. રજીસ્ટ્રેશનની વધુ જાણકારી માટે: https://gcasstudent.gujgov.edu.in/applicants/QuickRegistration.aspx
- વિદ્યાર્થીએ પોતાની બેઝીક પ્રોફાઇલ (Profile)ની માહિતી, શૈક્ષણિક (Academic) માહિતી તેમજ જરૂરી આધારો જેવા કે, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, માર્કશીટ, જાતિ પ્રમાણપત્ર, આવકનો દાખલો, વિદ્યાર્થીનો સ્કેન કરેલ ફોટોગ્રાફ અને સિગ્નેચર વગેરે લાગુ પડતાં દસ્તાવેજો પોર્ટલ પર અપલોડ કરવાનાં રહેશે.
- વિદ્યાર્થી જે ડીગ્રી કોર્સ, યુનિવર્સિટી કે તેને સંલગ્ન સંસ્થા/કોલેજમાં પ્રવેશ લેવા માંગે છે તેની પસંદગી (Choice) કરવાની રહેશે.
- જીકેસ પોર્ટલની રજીસ્ટ્રેશન ફી (Payment) ₹૩૦૦/- ઓનલાઈન માધ્યમથી ચુકવવાની રહેશે.
- ભરેલી વિગતોની સમીક્ષા કરી અરજી સબમિટ (Final Submit) કરવાની રહેશે.
- પ્રવેશ અરજી કરવાની પ્રક્રિયાની વધુ જાણકારી માટે: https://gcas.gujgov.edu.in/Content/general-instructions-196
- રજિસ્ટ્રેશન પ્રક્રિયા સંબંધિત કોઈપણ સહાયતા માટે ઈ-મેઈલ: support-gcas@gujgov.edu.in

## જીકેસ પોર્ટલ પર રજીસ્ટ્રેશન માટે જરૂરી દસ્તાવેજો:

| જરૂરી દસ્તાવેજો | દસ્તાવેજ માટેનું સૂચિત માળખું |
|---|---|
| હાલ જે વિદ્યાર્થી GCAS પોર્ટલ પર જે કોઇ દસ્તાવેજ ઉપલબ્ધ હોય તેને અપલોડ કરીને રજીસ્ટ્રેશન કરી શકશે. બાકીના લાગુ પડતાં દસ્તાવેજો ફોર્મ લોક કરતાં સુધીમાં અપલોડ કરવાના રહેશે. | |
| 1. પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ | સફેદ બેકગ્રાઉંડ ધરાવતો અને બંને કાન જોઈ શકાય તેવા, વિદ્યાર્થીના તાજેતરના પાસપોર્ટ સાઇઝના રંગીન ફોટોગ્રાફ (jpeg અથવા jpg ફોર્મેટમાં) |
| 2. સહીનો નમૂનો | સફેદ બેકગ્રાઉન્ડ પર કાળી/વાદળી શાહીથી કરેલ વિદ્યાર્થીની સહી. (JPEG અથવા JPG ફોર્મેટમાં) |
| 3. ઉચ્ચતર માધ્યમિક પરીક્ષાની માર્કશીટ (HSC) | પીડીએફ ફોર્મેટમાં સ્કેન કરેલી નકલ. બધી માહિતી સ્પષ્ટ રીતે દેખાતી હોવી જોઈએ. |
| 4. સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ | |
| 5. પાસિંગ સર્ટિફિકેટ/ટ્રાયલ સર્ટિફિકેટ | |
| 6. માઈગ્રેશન સર્ટિફિકેટ (જો વિદ્યાર્થીએ ગુજરાત બહારથી 12મું ધોરણ પાસ કર્યું હોય તો) | |
| 7. ડોમિસાઇલ સર્ટિફિકેટ | |
| 8. કેટેગરી સર્ટિફિકેટ | |
| 9. પારિવારિક આવકનું પ્રમાણપત્ર | |
| 10. ફ્રી શિપ સર્ટિફિકેટ | |
| 11. દિવ્યાંગપણું ધરાવતી વ્યક્તિનું પ્રમાણપત્ર | |
| 12. ઓળખના પુરાવા (આધાર કાર્ડ, પાન કાર્ડ) | |
| 13. 10મા ધોરણની માર્કશીટ (જન્મના પુરાવા માટે) | |
| 14. અંડરગ્રેજ્યુએટ કોર્સ સર્ટિફિકેટ/ માર્કશીટ | |
| 15. અનુસ્નાતક અભ્યાસક્રમ પ્રમાણપત્રો/ માર્કશીટ | |

ક્રેડિટ: https://gcas.gujgov.edu.in

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

Scanned by CamScanner

# Gujarat Common Admission Services (GCAS) Portal

- Gujarat Common Admission Services Portal (GCAS) is a visionary portal launched by Education Department, Government of Gujarat to streamline and simplify the admission process for graduate, post-graduate, and Ph.D. programmes in various faculties across 14 Government Universities and its affiliated institutions/colleges.
- Students will be able to register for admission across Arts, Commerce, Science, Education, Law, Rural Studies, Physical Education, B.Ed., and Ph.D. programmes through GCAS Portal only.
- GCAS portal is available in both English and Gujarati Language.
- Student will have to register online on the https://gcas.gujgov.edu.in.
- Students will have to register their mobile number and email address by filling their primary information. The username and password will be sent to the student's registered email ID and to the registered contact number.
- Registration will start from 1st April 2024 and after the results, students will be able to lock their registration.
  for more details regarding online registration visit: https://gcasstudent.gujgov.edu.in/applicants/QuickRegistration.aspx
- The student will have to upload their basic profile information, academic information as well as necessary school leaving certificate, marksheet, caste certificate, income proof, scanned photograph of the student and signature etc. on the portal.
- The student will have to choose the degree course, University, or its affiliated institution / college he/she wants to take admission in.
- Students are required to pay Rs. 300/- registration fee on GCAS Portal through online mode.
- The filled details will have to be reviewed and the application has to be finally submitted.
- For more information on the admission application process click: https://gcas.gujgov.edu.in/Content/general-instructions-196
- For any kind of assistance related to registration process kindly send a mail at: support-gcas@gujgov.edu.in

**Required Documents for Registration on GCAS Portal:**

<table>
<tr><th>Required Documents</th><th>Documents Prescribed Format</th></tr>
<tr><td colspan="2">Students will initially register on the GCAS portal by uploading the documents available to them.<br>Any remaining applicable documents must be uploaded while the registration form is locked.</td></tr>
<tr><td>1. Photographs</td><td>A Recent Passport-Size Colored Photograph of the applicant with a white background and visibility of both ears.<br>(In jpeg or jpg format)</td></tr>
<tr><td>2. Signature Sample</td><td>Applicants' Signature in black/blue ink on a white background.<br>(in jpeg or jpg format)</td></tr>
<tr><td>3. Marksheet of Higher Secondary Examination (HSE)</td><td rowspan="13">Scanned Copy of the Original document in pdf format.<br>All the information should be clearly visible.<br>visit : https://gcas.gujgov.edu.in</td></tr>
<tr><td>4. School Leaving Certificate</td></tr>
<tr><td>5. Passing Certificate/ Trial Certificate</td></tr>
<tr><td>6. Migration Certificate (In case the student has done 12th from outside Gujarat)</td></tr>
<tr><td>7. Domicile Certificate</td></tr>
<tr><td>8. Category Certificate</td></tr>
<tr><td>9. Family Income Certificate</td></tr>
<tr><td>10. Free Ship Certificate</td></tr>
<tr><td>11. Person with Disability Certificate</td></tr>
<tr><td>12. Identity Proof (Adhaar Card and PAN Card)</td></tr>
<tr><td>13. 10th Standard Marksheet (for age proof)</td></tr>
<tr><td>14. Undergraduate Course Certificates/ Marksheet</td></tr>
<tr><td>15. Postgraduate Course Certificates/ Marksheet</td></tr>
</table>

**Department Of Education, Government Of Gujarat**

Scanned by CamScanner